પવિત્ર શ્રાવણ માસના અંતિમ ચરણોમાં વાવ ખાતે બિરાજમાન સુપ્રસિધ્ધ કપીલેશ્વર મહાદેવના મંદિરે રાજયના આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી શંકરભાઈ ચૌધરીએ શિશ નમાવ્યું હતું.

સરકારના નીતિ નિયમોને નેવે મુકીને...

જે. બી. શાહ ઈંગ્લીશ મિડિયમ સ્કૂલ દ્વારા ફીમાં ૯૦ ટકા વધારો ઝીક્યો

વાલીઓ દ્વારા ફી વધારા મુદ્દે કોર્ટના દ્વાર ખખડાવાશે

મોડાસા, તા.૨૫

અરવલ્લી જીલ્લાનુ મોડાસા શહરે એટલે શિક્ષણની નગરી તરીકે ઓળખાતા આ મોડાસા શહેરના અમદાવાદ રોડ ઉપર આવેલ જે. બી. શાહ ઈંગ્લીશ મીડીયમ સ્કુલ આવેલી છે. આ સ્કુલમાં કે.જી. થી લઈને ધોરણ-૧૨ સુધી અભ્યાસ ચાલે છે. પરંતુ આ વખત સ્કુલ મંડળ ધ્વારા સરકારી નીયમોને ઘોળીને પી જઈ એકાએક વાલીઓ ઉપર ૮૦ થી ૯૦ ટકા જેટલો ફી વધારો જીકી દેવાયો છે. જેને લીધે વાલીઓ ઉપર મોટો ભાર પડયો છે. જયારે વાલીઓ ધ્વાાર આ ફી વધારો પાછો ખેચવા માટે રજુઆતો કરવા છતાં તંત્ર ધ્વાારા આંખ આડા કાન કરતાં વાલીઓ રોષે ભરાયા હતા.

મોડાસા ખાતે બાયડ અમદાવાદ રોડ ઉપર મંડળ સંચાલિત જે. બી. શાહ ઈંગ્લીશ મીડીયમ સ્કુલ આવેલી છે. આ સ્કુલ ધોરણ-૧૨ સુધીનો અભ્યાસ ચાલે છે. જયારે ચાલુ વર્ષે કે. જી. થી લઈને ધોરણ-૮ સુધી આ શાળામાં નોન ગ્રાન્ટેબલ મંડળ સંચાલિત વર્ગો ચાલે છે. પરંતુ આ ચાલુ વર્ષે સ્કુલ સત્તાધિશો ધ્વારા સરકારના પરિપત્રને ઘોળીને પી જઈ વાલીઓને જાણ કર્યા વગર જાણે કે સરકારી પરીપત્ર આ સ્કુલને લાગુ પડતો ન હોય તેમ ૮૦ થી ૯૦ ટકા જેટલો અસહ્ય ફી વધારો કરી દેવાતા વાલીઓ રોષે ભરાયા છે. જયારે સરકારી પરીપત્ર મુજબ સ્કુલ ધ્વારા વર્ષમાં એક જ વખત ૧૦ ટકા જેટલો ફી વધારો કરી શકાય છે તેવો એક પરીપત્ર કરવામાં આવેલો છે.

જયારે આ અંથે કેટલાક જગૃત વાલીઓ ધ્વારા વારંવાર સ્કુલ સતતાધીશો લેખીત અને મૌખીક જાણ કરવા છતા પણ સ્કુલ મંડળ ધ્વારા આ મામલે કોઈ બાંધછોડ ન કરતા વાલીઓ રોષે ભરાયા હતા અને જો સ્કુલ સતતા મંડળ ધ્વારા આ અંગે ઘટતુ કરવામાં નહી આવે તો વાલીઓ એ કોર્ટ ના ધ્વારા ખટખટાવા ની ચીમકી આપી હતી

જયારે ભારત સરકાર અને ગુજરાત સકરાર ધ્વારા ભણતર ને આગળ વભારવા માટે પ્રયત્નો કરવામાં આવે છે પરંતુ જો મધ્યમ વર્ગ ના લોકો પાસેથી સ્કુલો ધ્વારા આ રીતે મનફાવે તેમ ફી વધારો કરી ફી ઉઘરાવવામાં આવશે તો બાળકો ને શિક્ષણ અપાવાનુ છોડી દેશે ત્યારે સૂરકાર ધ્વારા આવીસ સ્કુલ સામે સખત પગલા લેવા જ બાકી રહયા.

જયારે વાલીઓ ધ્વારા જણાવવામાં આવ્યુ હતુ કે સત્ર ની શરૂઆત માં અમારા બાળકો નુ એડમીશન રદ ના થાય તે માટે અમોએ તે વખતે ફી ભરી દીધી હતી પરંતુ સત્તાધીશો ધ્વારા ત્યારબાદ લેખીત અને મૌખીક રજુઆત કરવા છતા પણ તંત્ર ધ્વારા કોઈ સંતોષકારક જવાબ ના મળતા વાલીઓ આ અંગે કોર્ટ ના ધ્વાર ખટખટાવા નુ નકકી કરવામાં આવ્યુ છે.

RTE નિયમ શું કહે છે ?

રાઈટ ટુ એજયુકેશન નો કાયદો વર્ષ ૨૦૦૯ માં અમલ માં આવ્યો આ કાયદાને અમલ માં લાવવાનો મુળ હેતુ ૧૪ વર્ષ સુધીના તમામ બાળકોને મફત શિક્ષણ મળે તે હેતુ હતો. જયારે આર.ટી.ઈ.એકટ નીછ જોગવાઈઓ નીચે પ્રમાણે છે.

(૧) ૨૫ % બેઠકો આર્થિક અને પછાત બાળકોને ફાળવવી
(૨) એડમીશન માટે બાળકોના ઈનટરવ્યુ ન લેવા
(૩) ડોનેશન બંધ
(૪) ૧૦ % કે તેથી વધુ ફી વધારો કરવો નહી
(૫) વાલીની સમાજીક અને આર્થીક પરીસ્થીતીની પુછપરછ કરવી નહી
(૬) સ્કુલમાં બાળક દીઠ ૮ સ્કેવર ફુટની જગ્યા ફરજિયાત

(તસવીર : સમીર બલોચ, મોડાસા)

એકના ડબલ કરવાની લાલચ આપી લોકો જોડે ઠગાઈ કરતો આરોપી ઝડપાયો

મહારાષ્ટ્ર અને રાજસ્થાન લોકો સાથે પણ આ ગેગ દ્વારા છેતરપીંડી

મોડાસા, તા.૨૫

અરવલ્લી જીલ્લા એલ.સી. બી. ધ્વારા છેલ્લા બે વર્ષ થી નાસતા ફરતા આરોપી ને ઝડપી પાડયો હતો.

અરવલ્લી જીલ્લા ના પોલીસ વડા મયુરસિંહ ચાવડા ની સુચના અનુસાર જીલ્લા માં નાસતા ફરતા આરોપીઓ પકડવાના બાકી હોય તેઓ ને સત્વરે પકડવાનો આદેશ આપતા જીલ્લા એલ.સી.બી. પી.આઈ. પી. કે. પટેલ અને તેમન ટીમ ધ્વાારા આ કામગીર કરતાં આજરોજ જીલ્લા એલ.સી.બી ધ્વારા છેલ્લા બે વર્ષ થી એક.ના ડબલ કરવાની લાલચ આપી લોકો જોડે ઠગાઈ કરતા ગેગ ના મુખ્ય સુત્રધાર ને ઝડપી પાડયો હતો.

આ અંગે પ્રાપ્ત માહીતી અનુસાર આ કામનો આરોપી કરીમભાઈ રહેમાનભાઈ સુથાર ઘણા સમય થી મહારાષ્ટ્ર તથા રાજસ્થાન ના ઘણા જીલ્લાઓ માં પોતાના સાગરીતો સાથે મળી એક ના ડબલ કરવાની લોભામણી લાલચ આપી લોકો ને વિશ્વાસ માં લઈ લોકો ની સાથે છેતરપીંડી કરી વીશ્વાસઘાત કરી રૂપીયાની છેતરપીડી કરવામાં આવતી હતી જયારે આ અંગે ની હકીકત જીલ્લા પોલીસ વડા મયુરસિંહ ચાવડા ને મળતા તેમણે જીલ્લા એલી.સી.બી. ને આ કેસ સોપ્યો હતો આ કેસ ના અરોપી એ રાજસ્થાન જીલ્લા ના બાસવાડા ગામે ૨ લાખ ૨૦હજાર ની છેતરપીંડી કરેલ છે. આ આરોપીઓ અને તેી ગેગ આયોજનબધ્ધ રીતે આ કામ ને અંજામ આપતા હતા.

આ ગેગ ધ્વારા પોતાના સાગરીતો સાથે મળી પ્રથમ તો કે ના ડબલ કરવાની લાલચ આપી માણસ ને વિશ્વાસ માં લેતા હતા તેમની સાથે ના જેતે વિસ્તાર ના માણસો અને દલાલો જે ગ્રાહક ને છેતરવાનો છે. તેને સમજાવી ફોસલાવી તૈયાર કરી લાવા નુ કામ કરતા હતા.

આ અરોપી ગુજરાત નો શેઠ બની ને તે પાર્ટીઓ ને કહી પાર્ટીઓ સાથે મીટીગ કરતા હતા અને પાર્ટી ને વિશ્વાસ માં લઈ ડબલ કરી આપવા માટે પાર્ટી જોડે થી રુપીયા લેતા હતા ત્યાર બાદ આ છેતરપીંડી કરના ર પોલીસ આવી તેમ કહી ગ્રાહકે સ્થળ ઉપર થી ભગાડી મુકતા અને ત્યારબાદ આ લકો પૈસા લઈ જતા રહેતા અને તમામ સાગરીતો ભાગ પાડી લેતા હતા આ લોકો ધ્વારા રાજસ્થાન અને મહારાષ્ટ્ર ના માલેગાવ દમાં ધુલીયા રોડ ઉપર ર લાખ ૩૫ હજાર રૂપિયા તેમજ શીરડી પાસે આવેલા એક ગામ ના વ્યકતી પાસે થી ઘ લાખ ૮૦ હજાર રૂપીયા એમ મહારષ્ટ્ર ની કુલ પાચ થી છ પાર્ટીઓ થઈ રૂપીયા ૨૫ થી ૩૦ લાખ ની છેતરપીંડી કર્યુ હોવાનુ કબુલ્યુ હતું.

(તસવીર : સમીર બલોચ, મોડાસા)

રાધનપુર તાલુકાના કામલપુર ગામે બનાસનદીમાં નર્મદાના નીરનાં રાજયના આરોગ્ય અને પરિવાર કલ્યાણ, વાહનવ્યવહાર અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી શંકરભાઈ ચૌધરીએ વધામણા કર્યા હતા સાથે રાધનપુર ધારાસભ્યશ્રી નાગરજી ઠાકોર અને સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મોડાસા સરકારી ઈજનેરી કોલેજમાં વિદ્યાર્થી પર હિચકારો હુમલો

મોડાસા, તા. ૨૫

મોડાસા સરકારી ઈજનેરી કોલેજમાં એક વિદ્યાર્થીએ બીજા વિદ્યાર્થી ઉપર અંગત અદાવત રાખી હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડતા ચકચાર મચી જવા પામી હતી. અરવલ્લી જિલ્લાના શામળાજી માર્ગ પર આવેલી મોડાસા સરકારી ઈજનેરી કોલેજમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અભ્યાસ અર્થે આવેછે. છેલ્લા ક્ટેલાક સમયથી તોફાની વિદ્યાર્થીઓના કારણે કોલેજનું નામ ચર્ચામાં રહ્યુંછે. ત્યારે આવો જ વધુ એક કિસ્સો કોલેજમાં બનવા પામ્યો હતો. ઈજનેરી કોલેજના સિવિલ ડીપાર્ટમેન્ટના સેમેસ્ટર-૭માં ભણતા એક વિદ્યાર્થીએ બીજા વિદ્યાર્થી પર અંગત અદાવતમાં હિચકારો હૂમલો કરતા આંખના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. વિદ્યાર્થીને કોલેજના અધ્યાપક મિત્રોએ તાત્કાલિક સારવાર માટે ખસેડાતા આંખના ડૉ. જતીન મેવાડાએ સારવાર આપી આંખ બચાવી લેવામાં સફળતા મળી હતી. પરંતુ કોલેજમાં અભ્યાસ કરતા મિત્રોએ હુમલો કરી ભાગી છુટેલા વિદ્યાર્થીને કોલેજમાંથી બરતરફ કરવાની માંગણી કરી હતી.

ગલેસરાના ગલતેશ્વર મહાદેવ મંદિરે અમાસનો મેળો ભરાયો

પ્રાંતિજ, તા.૨૫

ગલેસરા ખાતે આવેલ પૌરાણિક મહાદેવ મંદિરમાં સોમવતી અમાસે ભવ્ય મેળો ભરાયો હતો જેમાં મોટી સંખ્યામાં શિવભકતો મહાદેવના દર્શન માટે ઉમટી પડયા હતા. પ્રાંતિજથી સાત કિમી દૂર આવેલ ગલતેશ્વર મહાદેવ મંદિર ખાતે શ્રાવણીયા સોમવારનો છેલ્લો સોમવાર તથા અમાસનો દિવસ હોવાથી વહેલી સવારથી જ ભાવિકો મેળામાં ઉમટી પડયા હતા. સાબરમતી નદીમાં મહિલાઓ અને પુરુષોએ સ્નાન કરી ભગવાન શિવલીંગના દર્શન કરી બિલીપત્ર તેમજ પંચામૃત વગેરે દ્વારા પૂજા અર્ચના કરી ધન્યતા અનુભવી હતી. ઉપરાંત ભાવિકોએ મેળાની મજા માણી હતી નાના બાળકોએ ખાણી પીણીની મોજ મજા સાથે ચકડોળ નો આનંદ માણ્યો હતો.

(તસવીર : જય અમીન, મોડાસા)

મોડાસામાં શ્રાવણના ત્રિવેણી સંગમે ભાવિ ભકતોનું ઘોડાપુર

અરવલ્લી જિલ્લામાં મોડાસા સહિત આસપાસના અન્ય તાલુકામાં આજે શિવાલયો ઘંટનાદથી ગુંજી ઉઠયા હતા. શ્રાવણ માસનો અંતિમ સોમવારનો દિવસ અને સોમવતી અમાસ હોવાથી ભગવાન ભોળાનાથના દર્શન માટે ભાવિકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. શ્રાવણ માસના છેલ્લા સોમવારે વહેલી સવારથી જ મોડાસાના શિવાલયોમાં ભાવિકો લાંબી લાઈનમાં ઉભા હતા અને બિલીપત્રો તેમજ દૂધનો અભિષેક કરી શિવ ભગવાનને રીઝવવાનો પ્રયત્ન કરતા જોવા મળ્યા હતા તેમજ સોમવતી અમાસ હોવાથી સવારથી જ મોડાસા નગરની બહેનો પીપળના ઝાડની ફરતે સૂતરની દોરી તેમજ પાણી અર્પણ કરી પોતાના સંસારની શાંતિ માટે પૂજા અર્ચના કરી હતી.

ભિલોડા આર.જી.બારોટ બી.એડ્. કોલેજમાં વાનગી સ્પર્ધા યોજાઈ

ભિલોડા,તા.૨૫

ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત આર.જી.બારોટ બી.એડ્. કોલેજમાં તા.૨૨/૮/૨૦૧૪ ના રોજ સહઅભ્યાસિક પ્રવૃત્તિના ભાગરૂપે વાનગી સ્પર્ધાનું આયોજન યોજાયું. તાલિમાર્થીઓમાં રહેલી આંતરીક શક્તિઓ ખીલે તથા તેમના ધ્વારા તૈયાર કરેલી વાનગીઓમાંથી મળતાં પૌષ્ટીક તત્વો જાણે અને અભિવ્યક્ત કરતા શીખે તે હેતુ રહ્યો હતો. તાલિમાર્થીઓએ અલગ-અલગ વાનગીઓ નિર્ણાયકો સમક્ષ મુકીને વાતાવરણ ઉત્સાહિત બનાવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન કોલેજના આચાર્ય અમિતકુમાર ભટ્ટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરૂ પાડીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન કોલેજના અધ્યાપિકા માનસીબેન ભટ્ટે કર્યું હતું.

મોડાસાની સર્વોદય બેંકમાં વર્તમાન ડીરેકટરોની પેનલનો ભવ્ય વિજય

વિજય બાદ મોડી રાત્રે ભવ્ય વિજય સરઘસ કાઢવામાં આવ્યો હતો

મોડાસા, તા.૨૫

મોડાસા ખાતે બેકીંગ ક્ષેત્રે કાર્યરત સર્વોદય સહકારી બેંક માં ડીરેકટરો ની રસાકસીભરી ચુંટણી યોજાઈ હતી. જેમાં બેંકના કુલ ૯૭૪૧ સભાસદો પૈકી ૪૧૦૪ સભાસદોએ તેમની પસંદગીના ફળવાયેલ સાત ઉમેદવારો ઉપર મહોર મારી હતી.

આ ચુંટણીમાં કુલ ૧૧ ઉમેદવારો આ જંગમાં ઉતર્યા હતા. જેમાં વર્તમાન સત્તાધીશોની સાત જણાની પેનલ હતી અને સામે પરીવર્તન પેનલમાં ચાર ઉમેદવારોએ ઉમેદવારી નોધાવી હતી. આ પેનલે ઉમેદવારી કરતાં આ ચુંટણી જંગ રસાકસી ભર્યો બન્યો હતો. જેમાં ગત સાજે કડક પોલીસ બંદોબસ્ત વચ્ચે મત ગણના યોજાઈ હતી. જેમાં વર્તમાન સત્તાધીશોની પેનલનો જંગી બહુમતીથી ભવ્ય વિજય થયો હતો અને આ વીજયની જાહેરાત થતાંની સાથે જ આ ડીરેકટરોના ટેકેદારો ધ્વારા ફટાકડા ફોડી અને ઢોલ નગારાની સાથે ભવ્ય વિજય સરઘસ કાઢયુ હતુ તેવુ સર્વોદય બેકના એમ.ડી ઈબ્રાહીમભાઈ ભુરાએ જણાવ્યુ હતું.

(તસવીર : સમીર બલોચ, મોડાસા)

ભિલોડા આર.જી.બારોટ બી.એડ્.કોલેજમાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી યોજાઈ

ભિલોડા,તા.૨૫

ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત આર.જી.બારોટ બી.એડ્. કોલેજ અને એમ.એડ્. કોલેજમાં ૧૫મી ઓગસ્ટના રોજ સ્વાતંત્ર્ય પર્વની ભવ્ય ઉજવણી યોજાઈ.પુર્વ તાલુકા પંચાયત સદસ્ય અને સામાજીક કાર્યકર અરવિંદભાઈ બારોટના વરદ્ હસ્તે ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીમાં તાલિમાર્થીઓએ શહિદોને અર્પણ કરતો શહિદો-અમારૂ ગૌરવ કાર્યક્રમ અંતર્ગત સ્વાતંત્ર્ય સેનાનીઓની ગાથા અને ભવ્ય વિજયની રજુઆત કરી હતી. કોલેજના આચાર્ય અમિતકુમાર ભટ્ટે સ્વાતંત્ર્યતાના સંદર્ભમાં વર્તમાન સ્થિતીને રજુ કરી નૈતિકતા સભર ફરજોનું પાલન કરવાનો સંકલ્પ કર્યો હતો.

મહેસાણા ખાતે મહિલા સશક્તિકરણ અને વ્યક્તિ વિકાસ અંગે શિબિર યોજાઈ

મહેસાણા, તા. ૨૫

રાજપૂતાણી સશક્તિકરણ અભિયાનના ભાગરૂપે પ્રથમ મહિલા સશક્તિકરણ અને વ્યક્તિત્વ વિકાસ અંગેની એક અભિનવ પહેલના ભાગરૂપે મહેસાણા જિલ્લા રાજપૂત મહિલા મંડળ દ્વારા રોટરી ભવન મહેસાણા ખાતે એક તાલીમ શિબિરનુંઆયોજન કરવામાં આવ્યું હતું.

મહેસાણા જિલ્લાના મુખ્ય સરકારી વકીલ અને રાજપૂત સમાજના શ્રેષ્ઠી એડવોકેટશ્રી ચંદનસિંહ રાજપૂતના પ્રમુખ સ્થાને યોજાયેલ આ સામાજિક જનચેતનાને ઉજાગર કરતા મહિલા તાલીમ શિબિરનુંરાજપૂતે દીપ પ્રગટાવી પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત રાજપૂત સમાજની મહિલાઓને સામાજીક ક્ષેત્રે આગળ વધવાનો આ સુનેરો અવસર પ્રદાન કરનાર આયોજક મહિલા મંડળને અને તેમની પ્રવૃત્તિને બિરદાવી તેઓએ જણાવ્યું હતું કે, રાજપૂત સમાજની અસ્મિતા, વિરાસત તેમજ સંસ્કૃતિનું જતન કરવા અને સમય સાથે તાલ મિલાવવા માત્ર ઘરમાં ન બેસી રહેતા સામાજિક, આર્થિક ક્ષેત્રે આગળ વધવા પણ તેમણે અનુરોધ કર્યો હતો. આધુનિક યુગમાં સોશિયલ મીડિયાએ સામાજિક જીવનમાં પગ પેશારો કર્યા છે ત્યારે મહિલા સશક્તિકરણ અને વ્યક્તિત્વ વિકાસમાં તેનો લાભ ઉઠાવીએ સાથે સાથે સોશિયલ મીડિયાના લાભાલાભો અને તેના ગંભીર ભય સ્થાનોની કાયદાકીય છણાવટ કરી ઉપસ્થિત રાજપૂતાણીઓને પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD
ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦